EDII

Gujarat Times (Guj.) : [New York: USA]
December 20, 2019
Page No.24

# ઈડીઆઈમાં આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસની ઉજવણી: એક દિવસની દિવ્યાંગજન સશક્તીકરણ કાર્યશાળા યોજાઈ

**અમદાવાદ:** ગુજરાત સરકારના સમાજ સુરક્ષા વિભાગ,



સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન (ઈડીઆઈ), અમદાવાદસ્થિત ત્રીજી ડિસેમ્બરે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસની ઉજવણી પ્રસંગે એક દિવસની દિવ્યાંગજન સશક્તીકરણ કાર્યશાળા યોજાઈ હતી. કાર્યશાળાના ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ અંજલિબહેન રૂપાણી ઉપરાંત સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્રસચિવ મનોજ અગ્રવાલ તથા સમાજ સુરક્ષા વિભાગના નિયામક જી.એન. નાચિયા ઉપસ્થિત રહ્યાં હતાં. વર્કશોપમાં રાજ્યભરમાંથી દિવ્યાંગજનોના સશક્તીકરણ માટે કામ કરતી લગભગ ચાલીસ જેટલી સરકારી-અર્ધસરકારી તથા સ્વૈચ્છિક સંસ્થાઓ, પોલિસી મેકર્સ તેમજ મોટી સંખ્યામાં દિવ્યાંગ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

મનોજ અગ્રવાલે દિવ્યાંગ સશક્તીકરણ માટેની રાજ્ય સરકારની યોજનાઓની માહિતી આપતાં કહ્યું હતું કે સમાજમાં દિવ્યાંગો માટે દયાભાવ નહિ, પણ ગરિમાપૂર્ણ અભિગમ કેળવાય એ અગત્યનું છે અને સરકાર એ માટે પ્રયત્નશીલ છે. એના અનુસંધાને ઈડીઆઈમાં દિવ્યાંગજનો માટે એક ખાસ તાલીમકેન્દ્ર સ્થાપવામાં આવશે. ઈડીઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લાએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં દિવ્યાંગજનોના સશક્તીકરણ માટે ગુજરાત સરકારના સહયોગ દ્વારા કરવામાં આવી રહેલા પ્રયત્નોમાં ઈડીઆઈની ભૂમિકા સ્પષ્ટ કરી હતી.

મહિલા સશક્તીકરણ અને બાળકલ્યાણક્ષેત્રે વર્ષોથી સક્રિય રહીને નોંધપાત્ર પ્રદાન આપનારાં અંજલિબહેન રૂપાણીએ કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિકલાંગ વ્યક્તિઓ માટે દિવ્યાંગ શબ્દ આપ્યો છે, એનાથી દિવ્યાંગો માટે બિચારાનો ભાવ દૂર થયો છે. ખરેખર તો પ્રત્યેક દિવ્યાંગ વ્યક્તિ પાસે કોઈ ને કોઈ વિશિષ્ટ શક્તિ હોય જ છે, એને ઓળખીને બહાર લાવવાની જરૂર છે. આ અભિગમથી દિવ્યાંગોને સમાજમાં મુખ્ય પ્રવાહ સાથે જોડી શકાશે અને ભારત જે પ્રાચીન સમયમાં વિશ્વગુરુના સ્થાને હતું એ સ્થાન પાછું મેળવશે.

*(ગુજરાત ટાઈમ્સ સંકલન)*